ભવ સંબંધી પ્રશ્ન–પ્રભુએ કહેલ તેનો પૂર્વ ભવ–તેમાં વસંત દેવ ને કામપાળ તથા મદિરા ને કેસરાનું સવિસ્તર વૃત્તાંત–પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ–ચક્રાયુધનું કોટિશિલાએ મોક્ષ ગમન–વગેરે–

પર્વ પાંચમું સમાપ્ત

## પર્વ છઠ્ઠું

### સર્ગ ૮

સર્ગ પહેલામાં–**શ્રીકુંથુનાથ ચરિત્ર**–તેમનો પૂર્વભવ–સિંહાવહ રાજાએ લીધેલ દીક્ષા–વીશ સ્થાનકનું આરાધન–તીર્થંકર નામ કર્મનો બંધ–સર્વાર્થ સિદ્ધ ઉપજવું–હસ્તીનાપુર નગરમાં શૂર રાજા તથા શ્રીદેવીનું વર્ણન–શ્રી દેવીની કુક્ષીમાં સર્વાર્થ સિદ્ધથી ચ્યવીને ઉપજવું–તેમણે દીઠેલાં ચૌદ સ્વપ્ન–પુત્ર જન્મ–દેવકૃત જન્મોચ્છવ–ઈંદ્રે **કરેલી સ્તુતિ–કુંથુનાથ** નામ સ્થાપન–યૌવનાવસ્થા–પાણિગ્રહણ–રાજ્ય સ્થાપન–ચક્ર રત્નનું ઉત્પન્ન થવું–છ ખંડનો દિગ્વિજય–છઠ્ઠા ચક્રી તરીકે અભિષેક–લોકાંતિક દેવોનું આવવું–પ્રભુએ લીધેલ દીક્ષા–પ્રથમ પારણું–કેવળ જ્ઞાનની નિષ્પત્તિ–સમવસરણ–ઇંદ્રાગમન–ઈં **કરેલી પ્રભુની સ્તુતિ–પ્રભુની દેશના**–મન શુદ્ધિની આવશ્યકતાનો ઉપદેશ–ગણધર સ્થાપના–યક્ષ યક્ષણી–પ્રભુનો પરિવાર–સમેતશિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ–

સર્ગ બીજામાં–**શ્રીઅરનાથ ચરિત્ર**–તેમનો પૂર્વભવ–ધનપતિ રાજાએ લીધેલ દીક્ષા–વીશ સ્થાનકનું આરાધન–તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન–નવમા ગ્રૈવેયકે ઉપજવું–હસ્તીનાપુરમાં સુદર્શન રાજા ને મહાદેવીનું વર્ણન–નવમા ગ્રૈવેયકથી ચ્યવવું–મહા દેવીની કુક્ષીમાં ઉપજવું–ચૌદ સ્વપ્ન–પ્રભુનો જન્મ–દેવકૃત જન્મોચ્છવ–ઈંદ્રે **કરેલ સ્તુતિ–અરનાથ** નામ સ્થાપન–યૌવનાવસ્થા–વિવાહ–રાજ્ય સ્થાપન–સાતમા ચક્રવર્તીપણું–લોકાંતિક દેવનું આવવું–પ્રભુએ લીધેલ દીક્ષા–પ્રથમ પારણું–પ્રભુને કેવળ જ્ઞાન–ઇંદ્રાદિકનું આવવું–ઇંદ્રે **કરેલી પ્રભુ–સ્તુતિ–પ્રભુની દેશના**–રાગદ્વેષનો જય કરવાનો ઉપદેશ–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–

પ્રભુનું પદ્મિની ખંડ નગરે પધારવું–કુંભ ગણધરની દેશના–એક વામનનું ત્યાં આવવું–સાગરદત્ત શેઠે કહેલ વૃત્તાંત–તેમાં પોતાની પુત્રી **પ્રિયદર્શના**નો વીરભદ્ર સાથે વિવાહ–વીરભદ્રનું એકાકી પરદેશગમન–વામનથી તેના કેટલાક મળેલા ખબર–સ્ફુટ જાણવા માટે પ્રશ્ન–કુંભગણધરે કહેલ **વીરભદ્ર**નું વૃત્તાંત–વીરભદ્રે કરેલ રુપનું પરાવર્તન–તેનું સિંહલદ્વીપ જવું–શંખ શેઠને ત્યાં પુત્ર તરીકે રહેવું–તેની પુત્રી વિનયવતી સાથે રાજપુત્રી **અનંગ સુંદરી** પાસે જવું–વીરભદ્રની કળા જોઈને તેનું વશ થવું–વીરભદ્રે પોતાનું રુપ પ્રગટ કરવું–અનંગ સુંદરીને થયેલ પ્રીતિ–તેણે પોતાની માતાને જણાવેલો વિચાર–અનુક્રમે તેની સાથે થયેલો વીરભદ્રનો વિવાહ–ત્યાંથી સ્વદેશ જવા નીકળવું–સમુદ્ર માર્ગે પ્રયાણ–વહાણનું ભાગવું–અનંગ સુંદરીનું કીનારે નીકળવું–તાપસોનો પ્રસંગ–તાપસોએ પદ્મિનીખંડ નગરે મુકી જવું–ત્યાં સુવ્રતા સાધ્વીનો મેળાપ–તેના ઉપાશ્રયમાં રહેવું–પ્રિયદર્શનાનો મેળાપ–બંનેને થયેલ સ્નેહ–વીરભદ્રને રતિવલ્લભ વિદ્યાધરે સમુદ્રમાંથી કાઢવો–તેણે કહેલ બંને સ્ત્રીઓની હકીકત–વીરભદ્રે કરેલ ગૌરવર્ણ–**બુદ્ધદાસ** નામ રાખવું–રતિવલ્લભની પુત્રી **રત્નપ્રભા** સાથે પાણિગ્રહણ–તેની સાથે કરેલો આનંદ–અન્યદા પદ્મિની ખંડ નગરે બંનેનું આવવું–સુવ્રતા સાધ્વીના ઉપાશ્રય પાસે રત્નપ્રભાને મુકીને વીરભદ્રનું પ્રચ્છન્ન રહેવું–રત્નપ્રભાનું ગભરાવું–સાધ્વીએ કરેલ આશ્વાસન–ઉપાશ્રયમાં રહેવું–વીરભદ્રનું વામનરુપ કરીને શહેરમાં ફરવું–રત્નપ્રભાનો અનંગસુંદરી ને પ્રિયદર્શના સાથે મેળાપ–પરસ્પર વાતચિત–પરસ્પર સ્નેહ–કોઈ પણ પુરુષ સાથે ન બોલવાની પ્રતિજ્ઞામાં ત્રણેનું સ્થિત થવું–રાજા પાસે થયેલી તે વાત–વીરભદ્રે તેમને બોલાવવાનું સ્વીકારવું–વામન વેષે ઉપાશ્રયમાં આવવું–તેણે કહેવા માંડેલો પોતાનો વૃત્તાંત–પહેલાં પ્રિય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશ્વને ઉંચા કર્ણવાળા કરતા એ ત્રિપૃષ્ટ વાસુદેવે સ્ત્રી સહિત પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. આ વૃત્તાંત બાતમીદારરૂપ નેત્રવડે જાણવામાં આવ્યાથી અશ્વગ્રીવ રાજા કે જે પ્રથમ સિંહને માર્યાની કથા સાંભળવાથી ક્રોધ પામેલો હતો તે વિશેષ ક્રોધાયમાન થયો. તેણે ચિંતવ્યું કે "હું છતાં જ્વલનજટી સ્ત્રીરત્ન બીજાને કેમ આપે? કેમકે 'રત્ન તો રત્નાકરમાંજ હોય.' તેથી તે આપનાર અને ગ્રહણ કરનારની પાસે કન્યાની યાચના કરવાને દૂતને મોકલવો; કારણકે નીતિમાં દૂત પ્રથમ છે." આ પ્રમાણે મનમાં વિચારી એકાંતે નવા દૂતને બોલાવી બરાબર શિખવીને પોતનપુર તરફ મોકલ્યો. એ દૂત વાયુકુમારની જેમ શીઘ્ર ગતિએ જ્વલન-જટી પોતનપુર હોવાથી ત્યાં જઈ પહોંચ્યો, અને જ્વલનજટીને આ પ્રમાણે કહ્યું-"દક્ષિણ લોકાર્દ્ધની ઉપર સૌધર્મ ઇંદ્રની જેમ દક્ષિણ ભરતાર્દ્ધનું રક્ષણ કરનાર હયગ્રીવ રાજાની આજ્ઞાથી હું તમને કહેવા આવ્યો છું કે તમારે ઘેર સ્વયંપ્રભા નામે કન્યારત્ન છે, તે તમે મહારાજા હયગ્રીવ પાસે જઈને તેને આપો; કેમકે ભરતક્ષેત્રનું રત્ન બીજાને ઘેર હોય નહીં. 'વળી તે કટુ છાયાવાળા મહારાજા અશ્વગ્રીવ તમારા પણ સ્વામી છે, તો પુત્રી પણ તેનેજ આપવી જોઈએ; કારણ કે નેત્ર તો મસ્તકેજ શોભે. વળી આજ સુધી આરાધેલા અશ્વગ્રીવ રાજાને હવે પુત્રી ન આપીને કોપ પમાડો છો તે ધમેલા સોનાને ફુંક મારીને ગુમાવવા જેવું કરો છો; માટે તેમ કરવું યોગ્ય નથી." આવી રીતે દૂત કહી રહ્યો એટલે જ્વલનજટી બોલ્યો-"તે કન્યા તો મેં ત્રિપૃષ્ટકુમારને આપી દીધી છે; અને કન્યાદાન તો એકજવાર થઈ શકે છે. વળી બીજી પણ વસ્તુ કોઈને આપી દીધી હોય તો પછી તેના ઉપર આપનારનો હક રહેતો નથી, તો આ કુળવાન્ કન્યાના સંબંધમાં તો તેમ શેનુંજ સંભવે? તે તમે પોતેજ વિચારો." આ પ્રમાણે જ્વલનજટીએ દૂતને કહ્યું, એટલે તે દૂત અંતઃકરણમાં કલુષિત થઈ ત્યાંથી નીકળ્યો અને ત્રિપૃષ્ટકુમારની પાસે આવ્યો; કારણ કે 'દૂત પોતાના સ્વામીના સંદેશાનેજ લઈ જનારો હોય છે.' તેણે ત્રિપૃષ્ટકુમારને કહ્યું-'જગત્‌નો જય કરનાર અને આ પૃથ્વીના ઇંદ્ર અશ્વગ્રીવ રાજાએ મારી સાથે તમને કહેવરાવ્યું છે કે જેમ મુગ્ધ વટેમાર્ગુ રાજાના ઉદ્યાન સંબંધી વૃક્ષના ફળને ગ્રહણ કરે, તેમ મારે યોગ્ય એવી સ્વયંપ્રભા કન્યા તેં ગ્રહણ કરેલી છે. બંધુઓ સહિત તમારો હું નિયંતા સ્વામી છું અને મેં તમારૂં ઘણા કાળથી રક્ષણ કરેલું છે, માટે એ કન્યારત્નને તું છોડી દે; **સેવકોને સ્વામીનું શાસન પ્રમાણ કરવું યોગ્ય છે."** આવાં દૂતનાં વચન સાંભળી વિકટ ભ્રકુટી ચડાવવાવડે ભાલ-સ્થળને ભયંકર કરતો અને રાતા લોચનથી કપોળની શોભાને ધારણ કરતો ત્રિપૃષ્ટકુમાર બોલ્યો-"હે દૂત! તારો સ્વામી શું જગત્‌માં આવો ન્યાય પ્રવર્ત્તાવે છે? અહા! લોકોમાં અગ્રેસર ગણાતા એવા તારા સ્વામીની કેવી કુલીનતા છે! આ ઉપરથી મને એમ લાગે છે કે તેણે પોતાના દેશમાં રહેલી અનેક કુલસ્ત્રીઓને ભ્રષ્ટ કરી હશે! કેમકે યુવાન માર્જારની પાસે દુધનું રક્ષણ કેમ થઈ શકે? અમારી ઉપર તો તેનો સ્વામિત્વ હક શામાટેજ હોય, પણ આવો માર્ગ લેવાથી બીજે ઠેકાણે પણ તેનો સ્વામિત્વ હક હશે તે થોડા વખતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલ્યો જવાનો છે. તે શાલિના ભોજનની પેઠે હવે જો જીવવાથી તૃપ્ત થઈ ગયો હોય તો સ્વયંપ્રભા લેવાને પોતે જાતે ખુશીથી અહીં આવે; હે દૂત ! તું હવે અહીંથી શીઘ્ર ચાલ્યો જા, કેમકે દૂતપણાને લીધે તું અવધ્ય છે. વળી અહીં આવેલા તે હયગ્રીવનેજ હણુવાને અમે ઇચ્છીએ છીએ.”

આ પ્રમાણે કહેવાથી જાણે ચાબુક મારી હોય તેમ તે દૂત ઉતાવળો ઉતાવળો ત્યાંથી નીકળીને એકદમ અશ્વગ્રીવ રાજા પાસે આવ્યો, અને સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યું. આ વૃત્તાંત સાંભળીને હયગ્રીવનાં નેત્ર રાતાં થઈ ગયાં, દાઢી અને કેશ સ્ફુરવા લાગ્યા, દાંતોવડે તે હોઠ કરડવા લાગ્યો, શરીર ધ્રૂજવા લાગ્યું; અને ભયંકર ભ્રકુટીથી તેનું લલાટ વિકટ જણાવા લાગ્યું. એવું ઉગ્ર રૂપ કરી તેણે અવજ્ઞા અને કોપ સહિત વિદ્યાધરોના અધિપતિઓને આ પ્રમાણે કહ્યું−“ અહા ! જ્વલનજટીને દૈવે કેવી દુર્બુદ્ધિ આપી કે જેથી સૂર્યની સામે જેમ કાકીડો થાય તેમ તે મારી સામો થયો. તેનું કુલીનપણું કેવું કે જેણે મારા જેવા યોગ્યને છોડી પોતાની પુત્રીને પ્રજાપતિ રાજાના પુત્રની સાથે પરણાવી. એક સર્વ મૂર્ખમાં શિરોમણિ મૂર્ખ તો જ્વલનજટી, બીજો પ્રજાપતિ, ત્રીજો સાવકી બહેનનો પુત્ર ત્રિપૃષ્ટ અને ચોથો સગપણની ગણુત્રીવડે થયેલો પોતાના પિતાનો સાળો અચલકુમાર, એ સર્વે નિર્લજ્જ થઈ મરવાનેજ ઇચ્છનારા છે, અને તેથીજ સિંહની સામે શિયાળની જેમ તેઓ મારી સામે લડવાને ઇચ્છે છે. તેથી હે વિદ્યાધરો ! પવન જેમ મેઘને, સિંહ જેમ હરિણોને અને કેસરી જેમ હાથીઓને પરાભવ પમાડે તેમ તમે જઈને તેમનો પરાજય કરો.” જેમના હાથમાં રણુ કરવાની કંડુ આવ્યા કરતી હતી એવા તે વિદ્યાધરો તૃષાવાળા પુરૂષો જેમ જળ મળવાથી હર્ષ પામે તેમ પોતાના પ્રભુની આવી આજ્ઞાથી ઘણો હર્ષ પામ્યા. તે પરાક્રમી વીરો જુદા જુદા યુદ્ધની પ્રતિજ્ઞા કરતા જાણે આકાશને ફોડતા હોય તેમ ભુજાઓનો આસ્ફોટ કરવા લાગ્યા. સંગ્રામના કૌતુકથી મિત્રોની જેમ અમિત્ર−શત્રુઓ ઉપર ઉત્કંઠા બતાવતા ‘ મારી પહેલાં બીજો જીતે નહીં ’ એવું પરસ્પર ધારીને ત્વરા કરવા લાગ્યા. ચાબુકોથી ઘોડાઓને, અંકુશથી હાથીઓને, પરોણાથી વૃષભોને અને લાકડીઓથી ઉંટોને પ્રહાર કરીને ઉતાવળે ચલાવવા લાગ્યા. તરવારોને નચાવતા, સ્ફુર જાતના અસ્ત્રોને વિસ્તારતા, ભાથાઓને સજ્જ કરતા, ધનુષ્યોની પણુચનો ટંકાર કરતા, મુદ્‌ગરોને ભમાડતા, મોટી ગદાઓને ચલિત કરતા, ત્રિશલ્પીને ફોડતા અને પરિઘ, (ભૂગલ)ને ધારણ કરતા તે વીરો કોઈ આકાશ માર્ગે અને કોઈ પૃથ્વી માર્ગે યુદ્ધના કૌતુકવડે એકદમ પોતનપુર આવી પહોંચ્યા. તેઓનો દૂરથી મોટો કોળાહળ સાંભળીને ‘આ શું ?’ એમ પ્રજાપતિ રાજા એકાએક સંભ્રમ પામ્યો, ત્યારે જ્વલનજટીએ કહ્યું− આ અશ્વગ્રીવ રાજાની આજ્ઞાથી તેના સુભટો આવે છે તો તે ભલે આવે, તમે મારૂં યુદ્ધકૌતુક જુઓ ! મારી પહેલાં ત્રિપૃષ્ટકુમારને કે અચલકુમારને યુદ્ધ કરવાની જરૂર નથી.” આ પ્રમાણે ઉત્સુક થઈને જ્વલનજટી પરિકર બાંધી યુદ્ધ કરવા તૈયાર થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર હજાર અને ત્રણસો અવધિજ્ઞાની, ચાર હજાર અને પાંચસો મનઃપર્યવજ્ઞાની[2], પાંચ હજાર કેવળજ્ઞાની, આઠહજાર વૈક્રિયલબ્ધિવાળા, ત્રણ હજાર ને બસો વાદલબ્ધિવાળા, બાસઠ હજાર તપસ્વી સાધ્વીઓ, બે લાખ ને છ હજાર શ્રાવકો અને ચાર લાખ ને ચૌદ હજાર શ્રાવિકાઓ –એ પ્રમાણે કેવળજ્ઞાન થયા પછી ત્રણ વર્ષ ઉણા સાડાસાત લાખ વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કરતાં પ્રભુનો પરિવાર થયો. પછી પોતાનો મોક્ષકાલ નજીક જાણી પ્રભુ સમેતશિખર ગિરિ પધાર્યા અને ત્યાં સાત હજાર સાધુઓની સાથે પ્રભુએ અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે ચૈત્ર શુકલ પંચમીએ ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં આવતાં અનંતપ્રભુ તે મુનિઓની સાથે મોક્ષે ગયા. તરતજ ઇંદ્રોએ દેવતાઓની સાથે ત્યાં આવી પ્રભુનો અને તેમના શિષ્યોનો નિર્વાણ મહિમાનો મહોત્સવ કર્યો. કૌમારવયમાં સાડાસાત લાખ વર્ષ, રાજ્યપાલનમાં પંદર લાખ વર્ષ અને દીક્ષામાં સાડાસાત લાખ વર્ષ મળી ત્રીશ લાખ વર્ષનું અનંતપ્રભુનું આયુષ્ય પૂર્ણ થયું. વિમળસ્વામીના નિર્વાણથી નવ સાગરોપમ અતિક્રમણ થયા પછી અનંતસ્વામીનું નિર્વાણ થયું.

પુરૂષોત્તમ વાસુદેવ ત્રીશલાખ વર્ષનું આયુષ્ય ભોગવી, ઉગ્ર પાપકર્મ કરવાને લીધે તમઃપ્રભા નામની છઠ્ઠી નરકભૂમિમાં ગયા. કુમારવયમાં સાતસો વર્ષ, મંડલીકપણામાં તેરસો વર્ષ, દિગ્વિજયમાં એંશી વર્ષ અને રાજ્યમાં ઓગણત્રીશ લાખ સત્તાણું હજાર નવસો અને વીશ વર્ષ એમ ત્રીશલાખ વર્ષનું વાસુદેવનું આયુષ્ય પૂર્ણ થયેલું છે. પંચાવન લાખ વર્ષના આયુષ્યવાળા સુપ્રભ બલરામ, પોતાના અનુજ ભાઈના અવસાન પછી ઘણાકાળ સુધી દુઃખિતપણે સંસારમાં રહ્યા. પછી પોતાના લઘુબંધુની વિપત્તિ ( મૃત્યુ ) જોવાથી વિરક્ત થયેલા સુપ્રભ બલભદ્ર મૃગાંકુશ મુનિની પાસે વ્રત ગ્રહણ કરી, કેવળજ્ઞાન પામી, અનંત ચતુષ્ટય મેળવીને અપુનર્ભવસ્થાન ( મોક્ષ )ને પ્રાપ્ત થયા.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिषष्टि शलाकापुरुषचरिते महाकाव्ये
चतुर्थे पर्वणि अनंतस्वामीपुरुषोत्तमसुप्रभमधुचरित
वर्णनो नाम चतुर्थः सर्गः ॥ ४ ॥

---

૧–૨ પ્રવચન સારોદ્ધારમાં એક હજાર ચઉદ પૂર્વી અને પાંચ હજાર મનઃપર્યવજ્ઞાની કહ્યા છે.

જૈન સાઈટ JAINSITE જયમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારી બહેન તને બોધ કરવાને અહીં આવી છું. માટે સંસારને તારનાર શ્રીજિનધર્મનો પ્રતિબોધ પામ. નંદીશ્વર મહાદ્વીપમાં જઈને કરેલા શાશ્વત અર્હંત ભગવંતના અષ્ટાહ્નિક મહોત્સવ, જંગમ પ્રભુના જન્મસ્નાત્રાદિ ઉત્સવ અને પૂર્વભવમાં અનુભવ કરેલી દેશનાની વાણીને યાદ કર. જન્માંતર રૂપ નિદ્રાથી તે બધું શા માટે ભૂલી જાય છે? હવે તો તું દેવતાને પણ દુર્લભ, માનવજન્મરૂપ વૃક્ષનું ફળ અને જાણે સિદ્ધિની પ્રિય સખી હોય તેવી દીક્ષા ગ્રહણ કર.” આ પ્રમાણે કહીને તે ઇંદ્રાણી વિદ્યુતની જેમ પોતાની કાંતિથી આકાશમાં ઉદ્યોત કરતી વિમાનમાં બેસીને પોતાના સ્વર્ગમાં ગઈ. તરતજ તેની વાણીથી જેને જાતિસ્મરણ થયું છે એવી સુમતિ જાણે સંસારનો ભય લાગ્યો હોય તેમ મૂર્છિત થઈને પૃથ્વી પર પડી ગઈ. જ્યારે ચંદનના જળથી તેને સિંચન કર્યું અને પંખાના પવનથી પવન નાંખ્યો ત્યારે તે બાળાને પાછી સંજ્ઞા આવી અને રાત્રી જવાથી થયેલા પ્રાતઃકાળની જેમ બેઠી થઇ. પછી તે અંજળી જોડીને બોલી કે–“ અરે ! સર્વ કુલિન રાજાઓ ! અત્યારે મને જાતિસ્મરણ થયું છે, તમને મારે માટે અહીં બોલાવેલા છે, તેથી હું તમારી પ્રાર્થના કરૂં છું કે તમે સર્વ મને આજ્ઞા આપો કે જેથી હું સંસારભ્રમણરૂપ રોગની ઔષધરૂપ દીક્ષા ગ્રહણ કરૂં.” તે સાંભળી સર્વ રાજાઓ બોલ્યા–“ હે અનઘે[1] ! ‘તથાસ્તુ’ એમ તને આજ્ઞા આપીએ છીએ કે તારૂં ઈચ્છિત નિર્વિઘ્ને થાઓ.” પછી વાસુદેવ અને બળભદ્રે હર્ષિત થઈને મોટી સમૃદ્ધિથી તેનો સર્વ ઉત્સવોમાં શિરોમણિ એવો નિષ્ક્રમણોત્સવ કર્યો. દેવરાજ (ઇંદ્ર) અને યક્ષરાજ (કુબેર) ની મુખ્ય દેવીઓએ આવીને તેની પૂજા કરી. ‘તેવી સાધ્વીઓ ઇંદ્રને પણ પૂજ્ય છે.’ પછી સુવ્રત મુનિની પાસે સાતસો કન્યાઓની સાથે તેણે મોક્ષવૃક્ષની નીકરૂપ દીક્ષા ગ્રહણ કરી. સંવેગથી ભાવિત અને આત્મારૂપ કમળના ધ્યાનમાં ભમરીરૂપ તે સુમતિએ બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરી અને વિવિધ પ્રકારનો તપ આચર્યો. એ પ્રમાણે કેટલોક કાળ વ્યતીત થયા પછી ક્ષપકશ્રેણિપર આરૂઢ થઈ મોક્ષલક્ષ્મીના દૂત જેવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી અનેક ભવ્ય જીવોને બોધ પમાડી ભવોપગ્રાહી કર્મનો ક્ષય કરી તે સુમતિ સાધ્વી અવ્યયપદને પ્રાપ્ત થઈ.

સમ્યક્ત્વવડે શોભતા અપરાજિત અને અનંતવીર્ય અશ્વિનીકુમારની જેમ સાથે મળીને રાજ્ય પાળવા લાગ્યા. પ્રાંતે ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી અનંતવીર્ય વાસુદેવ નિકાચિત કર્મથી પ્રથમ નરકમાં ગયા. ત્યાં બેંતાલીશ હજાર વર્ષ નરકની વિવિધ વેદના તેમણે સહન કરી. **ઉપાર્જિત કર્મનો કદ્દિપણ નાશ થતો નથી.** ત્યાં વાસુદેવના જન્મના પિતા ચમેરંદ્રે આવીને વેદનાની શાંતિ કરી. **અપત્યસ્નેહ ઘણો બળવાન છે.** સંવેગવંત અનંતવીર્યના જીવે અવધિજ્ઞાનવડે પોતાના પૂર્વ કર્મને સંભારીને નરકની દુઃસહ વેદનાને સમ્યગ્ ભાવે સહન કરી.

---

૧ પાપ વિનાની.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# સર્ગ ૩ જો.

આ જંબૂદ્રીપના પૂર્વ મહાવિદેહમાં સીતા નદીને દક્ષિણતીરે **મંગલાવતી** નામે વિજય છે. તેમાં વિસ્તારવાળી **રત્નસંચયા** નામે નગરી છે. તે નગરીમાં અનેક રત્નોનો સંચય હોવાથી તે રત્નાકરની સ્ત્રી હોય તેવી લાગે છે. તેને વિષે લક્ષ્મીનો યોગક્ષેમ[1] કરનાર અને પવનની જેવો બળવાન **ક્ષેમંકર** નામે રાજા હતો. પુષ્પમાળા જેવી કોમળ અને રત્નમાળા જેવી નિર્મળ **રત્નમાળા** નામે તેને એક રાણી હતી. અપરાજિતનો જીવ જે અચ્યુતેન્દ્ર થયો હતો તે અચ્યુત દેવલોકમાંથી ચ્યવી છીપમાં મોતીની જેમ રત્નમાળાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે વખતે સુખે સુતેલી મહાદેવીએ રાત્રીના શેષ ભાગમાં ચૌદ મહા સ્વપ્ન અને પંદરમું વજ્ર અવલોક્યું. તત્કાળ જાગ્રત થઈ તે વૃત્તાંત તેમણે પતિ આગળ કહ્યો; એટલે રાજા ક્ષેમંકરે કહ્યું કે 'તમારે ઇંદ્ર જેવો વીર ચક્રવર્તી પુત્ર થશે.' ગર્ભ સમય પૂર્ણ થતાં છઠ્ઠા[2] લોકપાળની જેવા લોકોત્તર પરાક્રમી અને પવિત્ર આકૃતિવાળા એક પુત્રને તેણે જન્મ આપ્યો. જ્યારે તે પુત્ર ગર્ભમાં હતો ત્યારે દેવીએ સ્વપ્નમાં વજ્ર જોયું હતું, તેથી પિતાએ એનું **વજ્રાયુધ** નામ પાડ્યું. લોકોત્તર શરીરવાળો વજ્રાયુધ લોકોની દૃષ્ટિના દોષને દૂર રાખવાને માટે લલાટ ઉપર વિઘ્નનાશક આભૂષણ પહેરી દિવસે દિવસે મોટો થવા લાગ્યો. અનુક્રમે તે સુર અસુર અને માનવોની સ્ત્રીઓના હૃદયને મોહક એવું યૌવનવય પામ્યો અને સર્વ કળાસાગરનો પાર પણ પામી ગયો. પછી હાથમાં કંકણ ધારણ કરનારી જાણે શરીરધારી લક્ષ્મી હોય તેવી **લક્ષ્મીવતી** નામે એક રાજપુત્રી સાથે તે પરણ્યો. અનંતવીર્યનો જીવ અચ્યુત કલ્પમાંથી ચ્યવી જેમ મેઘજળ આકાશમાંથી પૃથ્વીપર આવે તેમ લક્ષ્મીવતીની કુક્ષિમાં અવતર્યો. સમય થતાં તેણીએ શુભ સ્વપ્નસૂચિત અને તેજવડે સૂર્ય જેવા સર્વ લક્ષણસંપન્ન પુત્રને જન્મ આપ્યો. શુભ દિવસે માતાપિતાએ સામાન્ય જન્મોત્સવથી પણ અધિક ઉત્સવ કરી તેનું **સહસ્રાયુધ** એવું નામ પાડ્યું. ચંદ્રની જેમ અનુક્રમે મોટો થઈને તે કલાકલાપવડે સંપૂર્ણ યૌવનવયને પ્રાપ્ત થયો. રૂપમાં કામદેવ જેવો સહસ્રાયુધ શરીરશોભાથી લક્ષ્મીને ઉલ્લંઘન કરનારી **કનકશ્રી** નામે રાજકન્યા સાથે પરણ્યો. તે સ્ત્રીથી તેને પરાક્રમમાં મહાબળ જેવો સંપૂર્ણ નરલક્ષણ સંયુક્ત **શતબલ** નામે પુત્ર થયો.

એક વખતે રાજા ક્ષેમંકર પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર, મંત્રી, મિત્ર, અને સામંતોની સાથે સભામાં બેઠો હતો. તે સમયે ઈશાન કલ્પમાં દેવતાઓની વચ્ચે ચર્ચા થઈ કે પૃથ્વીમાં

---

૧ યોગ=નવું પ્રાપ્ત કરવું, ક્ષેમ=પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરવું. લક્ષ્મીનો યોગ ક્ષેમ કરનાર. નવી લક્ષ્મીનો ઉપાર્જક અને ઉપાર્જિત લક્ષ્મીનો રક્ષક.

૨ પાંચમો લોકપાળ રાજા ને છઠ્ઠો આ પુત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનરથ સ્વામીની પાસે વ્રત લઈ તપસ્યા કરીને સિદ્ધિપદને પ્રાપ્ત થયા. રાજા મેઘરથે પરિવાર સહિત દેવરમણ ઉદ્યાનમાંથી પાછા આવી પુંડરીકિણી નગરીમાં પ્રવેશ કર્યો.

એક વખતે વિદ્વાનોમાં મુખ્ય એવા મેઘરથે પૌષધાગારમાં પૌષધ અંગીકાર કરી શ્રી ભગવંતભાષિત ધર્મનું વ્યાખ્યાન કરવા માંડ્યું. તે વખતે ભયથી કંપતું અને મરણોન્મુખ હોય તેમ દીન દ્રષ્ટિ ફેરવતું એક પારાવત[1] પક્ષી તેના ઉત્સંગમાં આવીને પડ્યું. તેણે માનુષ ભાષાથી અભયની યાચના કરી, એટલે રાજાએ કહ્યું કે 'ભય પામીશ નહીં', ભય પામીશ નહીં',' એવાં આશ્વાસનથી તે પક્ષી પિતાના ઉત્સંગમાં બાળકની જેમ એ કારૂણ્યસાગર રાજાના ઉત્સગમાં સ્વસ્થ થઈને બેઠું. થોડી વારે 'હે રાજન્! એ મારૂં ભક્ષ્ય છે, માટે સત્વર તેને છોડી દો.' આ પ્રમાણે કહેતું એક બાજ પક્ષી સર્પની પાછળ ગરૂડની જેમ તેની પાછળ આવ્યું. રાજાએ બાજ પક્ષીને કહ્યું–"તને આ પક્ષી હું આપીશ નહીં, કારણ કે શરણાર્થીને સોંપી દેવો તે ક્ષત્રિયોનો ધર્મ નથી. વળી અરે પક્ષી! તારા જેવા બુદ્ધિમાનને બીજાના પ્રાણથી પોતાના પ્રાણનું પોષણ કરવું તે પણ ઉચિત નથી. તારા શરીર ઉપરથી એક પીછું ઉખેડીએ તો તેથી તને જેવી પીડા થાય તેવી પીડા બીજાને પણ થાય છે; તો મારી નાંખવાથી તો કેટલી પીડા થાય તેનો તું વિચાર કર. વળી આ પક્ષીના ભક્ષણથી તને તો માત્ર ક્ષણવાર તૃપ્તિ થશે અને આ બીચારા પક્ષીના તો આખા જન્મનો વિનાશ થઈ જશે. પંચેંદ્રિય પ્રાણીઓનો વધ કરવાથી અને તેના માંસનું ભક્ષણ કરવાથી પ્રાણીઓ નરકે જાય છે, અને ત્યાં દુઃસહ પીડા ભોગવે છે. જે પરલોકમાં અનંત દુઃખને માટે અને આ લોકમાં મત્રા ક્ષણવાર સુખને માટે થાય તેવી પ્રાણીની હિંસા કયો વિવેકી પુરૂષ ક્ષુધાતુર હોય તોપણ કરે? બીજા ભોજનથી પણ ક્ષુધા તો શાંત થાય છે. જે પિત્તાગ્નિ સાકરથી સમે છે તે દૂધથી કેમ શાંત ન થાય! વળી જીવહિંસાથી પ્રાપ્ત થયેલી નરકની વ્યથા સહન કર્યા વગર કોઈપણ પ્રકારે શાંત થતી નથી, માટે હે પક્ષી! તું પ્રાણીવધ છોડી દે અને ધર્મનું આચરણ કર; જેથી ભવોભવ સુખ પામીશ, આ વિષે તું સ્વયમેવ વિચાર કર." બાજપક્ષી મનુષ્યભાષાથી રાજા પ્રત્યે બોલ્યો–"હે રાજા! આ કપોત મારા ભયથી તમારે શરણે આવ્યો છે, તેમ હું પણ ક્ષુધાથી પીડિત છું, તો કોને શરણે જાઉં તે કહો. કરૂણાધનવાળા મહાપુરૂષો સર્વને અનુકૂળ હોય છે. હે નૃપતિ! જેવી રીતે આ પારાવતનું રક્ષણ કરો છો તેવી રીતે મારૂં પણ રક્ષણ કરો; ક્ષુધાથી પીડિત એવા મારા આ પ્રાણ ચાલ્યા જાય છે. જ્યારે પ્રાણી સ્વસ્થ હોય ત્યારેજ ધર્માધર્મનો વિચાર કરે છે. ધર્મપ્રિય પુરૂષ પણ ક્ષુધાતુર થાય ત્યારે શું પાપ નથી, કરતો? માટે હવે ધર્મની વાર્ત્તાથી સર્યું. મારા ભક્ષ્યરૂપ આ પક્ષીજ મને આપો. એકને મારવો અને એકને બચાવવો, એ કેવો ધર્મ કહેવાય! હે મહીપાળ! પોતાની જાતે મારેલા પ્રાણીના તાજા માંસથીજ મારી તૃપ્તિ થાય છે, બીજા ભોજનથી થતી નથી. હું માંસનોજ ખાનારો છું." રાજા બોલ્યા–'અરે પક્ષી! સાવધાન થા, મૃત્યુ પામીશ નહીં'. આ કપોતની સાથે તોળીને હું મારા

૧ પારેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેહનું તાજું માંસ તને આપું છું.' બાજ પક્ષીએ તેમ કરવા કબુલ કર્યું, એટલે રાજાએ ત્રાજવું મંગાવી એક તરફ કપોતને અને બીજી તરફ પોતાનું માંસ છેદી છેદીને મૂકવા માંડયું. જેમ જેમ માંસને ઉતરડી ઉતરડીને રાજા મૂકવા લાગ્યા તેમ તેમ કપોત ભારમાં વધવા લાગ્યો. કપોતને ભારમાં વધતો જોઈ અતુલ સાહસવાળો રાજા પોતાનું બધું શરીર લઈને ત્રાજવામાં બેઠો. જ્યારે રાજા તુલાપર અધિરૂઢ થયા ત્યારે તે જોઈને સર્વ પરિવાર હાહાકાર શબ્દથી આકુળવ્યાકુળ થઈ સંશયરૂપ તુલાપર આરૂઢ થઈ ગયો. સામંત, અમાત્ય અને મિત્રો રાજા પાસે આવીને કહેવા લાગ્યા-" અરે પ્રભુ! અમારા અભાગ્યે તમે આ શું આરંભ્યું છે? આ શરીરવડે તમારે બધી પૃથ્વીનું રક્ષણ કરવું જોઈએ તો માત્ર આ એક પક્ષીના રક્ષણને માટે શરીરનો કેમ ત્યાગ કરો છો? અથવા આ પક્ષી કોઈ માયાવી દેવ કે દાનવ હોવો જોઈએ; કારણ કે સામાન્ય પક્ષીમાં આટલો બધો ભાર સંભવે નહીં." આ પ્રમાણે તેઓ કહેતા હતા, તેવામાં મુગટ કુંડળ અને માળાને ધારણ કરનાર કોઈ દેવતા જાણે તેજનો રાશિ હોય તેવો પ્રગટ થયો અને બોલ્યો-" હે નૃદેવ! પુરૂષોમાં તમે એકજ પુરૂષ છો કે જે સ્વસ્થાનથી મેરૂપર્વતની જેમ પોતાના પુરૂષાર્થથી ચળિત થયા નહીં. ઈશાનેંદ્ર પોતાની સભામાં તમારી પ્રશંસા કરતા હતા તે મારાથી સહન થઈ નહીં, તેથી તમારી પરીક્ષા કરવાને હું અહીં આવતો હતો, તેવામાં પૂર્વ જન્મના વૈરથી આ બે પક્ષીને યુદ્ધ કરતાં મેં જોયાં, એટલે તેમાં હું અધિષ્ઠિત થયો હતો; માટે આ સર્વ મારો અપરાધ ક્ષમા કરો." આ પ્રમાણે કહી રાજાને સજ્જ કરી તે દેવ સ્વર્ગમાં ગયો. તે વખતે સામંત વિગેરે વિસ્મય પામી રાજાને પૂછવા લાગ્યા-'એ બાજ પક્ષી અને પારાવત પક્ષી પૂર્વ જન્મમાં કોણ હતા? તેમને વૈર થવામાં શો હેતુ હતો? અને આ દેવ પૂર્વ ભવમાં કોણ હતો? તે કહો.' રાજાએ અવધિજ્ઞાનવડે જાણીને તેમનું વૃત્તાંત કહેવા માંડયું.

આ જંબૂદ્વીપમાં ઐરવત ક્ષેત્રના મંડનરૂપ-પદ્મખંડ જેવું **પદ્મિનીખંડ** નામે એક નગર છે. તે નગરમાં સંપત્તિથી સાગર જેવો **સાગરદત્ત** નામે શ્રેષ્ઠી હતો. તેને **વિજયસેના** નામે એક નિર્દોષ સ્ત્રી હતી. તેમને **ધન અને નંદન** નામે બે પુત્ર થયા. અનુક્રમે વૃદ્ધિ પામતા તેઓ યૌવનવયને પામ્યા. પિતાની સમૃદ્ધિથી ઉદ્ધત એવા તેઓ વિવિધ ક્રીડાવડે વિહાર કરતાં કાળ નિર્ગમન કરવા લાગ્યા. એક વખતે તેઓએ પોતાના પિતા સાગરદત્તને કહ્યું-'હે તાત! વ્યાપાર કરવાને માટે દેશાંતર જવાની આજ્ઞા આપો.' હર્ષ પામેલા પિતાએ તેમને આજ્ઞા આપી. 'પુત્રનો પ્રથમ ઉદ્યોગ પિતાના હર્ષને માટે થાય છે.' વિવિધ કરિયાણાં લઈને તે મોટા સાર્થની સાથે ચાલ્યા. અનુક્રમે નાગપુર નામે એક મોટા નગરમાં આવ્યા. ત્યાં વ્યાપાર કરતાં તેઓને બે શ્વાન વચ્ચે એક ભક્ષ્યની જેમ એક મોટા મૂલ્યનું રત્ન પ્રાપ્ત થયું. તે રત્નને માટે તેઓ ક્રોધ કરી દુર્દાંત વૃષભની પેઠે શંખનદીને કાંઠે આવીને માંહોમાંહે યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધ કરતાં કરતાં તેઓ એક અગાધ ધરામાં પડયાં અને મૃત્યુ પામી ગયા. **લોભ કોને મૃત્યુને માટે ન થાય?** ત્યાંથી મૃત્યુ પામી તે બંને બંધુ આ પક્ષીરૂપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થજળથી પ્રભુને અભિષેક કર્યો. પછી ઈશાન ઈંદ્રના ઉત્સંગમાં પ્રભુને બેસાડી શક્રેન્દ્રે સ્નાત્ર કારાવ્યું અને પૂજાદિ વિધિ કરીને આ પ્રમાણે સ્તુતિ કરી.

"હે જગત્પતિ! આજે ક્ષીરસાગર પ્રમુખ જળાશયોનાં જળ પદ્મ, વિગેરે દ્રહોનાં જળ "અને કમળો, ક્ષુદ્ર હિમાલય વિગેરે પર્વતોની ઔષધિઓ, ભદ્રશાળ પ્રમુખ વનનાં પુષ્પો, "અને મલયાચલની આસપાસની ભૂમિના ચંદન એ સર્વે તમારા સ્નાત્રમાં ઉપયોગી થવાથી "કૃતાર્થ થયા છે; અને હે દેવ! તમારા જન્મકલ્યાણકનો મહોત્સવ કરવાથી આ બધા "દેવતાઓનું ઐશ્વર્ય પણ કૃતાર્થ થયું છે. તમારા બિંબથી અલંકૃત થયેલો આ મેરૂગિરિ "આજે તમારા પ્રસાદની જેમ સર્વ પર્વતોમાં ઉત્કૃષ્ટ અને તીર્થરૂપ થયેલો છે. હે ભુવનેશ્વર! "તમારા દર્શનથી અને સ્પર્શથી આજે નેત્ર અને હાથ ખરેખરા નેત્ર અને હાથ થયા છે. "હે નાથ આજે અમારૂં સ્વાભાવિક અવધિજ્ઞાન પણ સફળ થયેલું છે કે જેનાવડે હે પ્રભુ! "તમારો જન્મ જાણીને અમે જન્મોત્સવ કર્યો છે. હે પ્રભુ! જેમ હમણાં સ્નાત્રકાળે તમે "મારા હૃદય પર રહ્યા હતા તેમ હૃદયની અંદર પણ ચિરકાળ રહો."

આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી તેમને લઈને ઇંદ્ર હસ્તિનાપુર ગયા અને ત્યાં શ્રીદેવીની પાસે પ્રભુને સ્થાપિત કર્યા.

પ્રાતઃકાળે શૂર રાજાએ પ્રભુનો જન્મોત્સવ કર્યો. **જ્યારે તીર્થંકર ઉત્પન્ન થાય ત્યારે સર્વ જગત્ ઉત્સવમય થાય છે.** પ્રભુ ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાએ કુંથુ નામનો રત્નસંચય જોયો હતો, તેથી પિતાએ તેમનું કુંથુ એવું નામ પાડયું. ઇંદ્રે અંગુઠામાં સંક્રમાવેલા અમૃતનું પાન કરતા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામતા પાંત્રીશ ધનુષ્ય ઉંચી કાયાવાળા થયા. પિતાની આજ્ઞાથી યોગ્ય સમયે તેમણે રાજકન્યાઓ સાથે વિવાહ કર્યો. 'ભોગફળકર્મ બીજી રીતે છેદી શકાતું નથી.' જન્મથીજ ત્રેવીશહજાર અને સાડાસાતસો વર્ષ ગયા પછી પ્રભુએ પિતાની આજ્ઞાથી રાજ્ય ગ્રહણ કર્યું. તેટલાજ વર્ષ માંડળિકપણામાં ગયા પછી શસ્ત્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. જગત્‌ને પૂજનીય એવા શૂર રાજાના પુત્રે ચક્રરત્નની પૂજા કરી. **મહાત્માઓ સેવક જનનો પણ સત્કાર કરે છે.** પછી ચક્રરત્નને અનુસરીને પ્રયાણ કરતાં અનુક્રમે માગધપતિ, વરદામપતિ, પ્રભાસપતિ, સિંધુદેવી, વૈતાઢ્યાદ્રિકુમારદેવ અને કૃતમાળદેવને પોતાની જાતે સાધી લીધા, અને સિંધુ નિષ્કુટને સેનાપતિ પાસે સધાવ્યું. પછી સેનાપતિએ જેનાં દ્વાર ઉઘાડેલાં છે એવી તમિસ્રા ગુફામાં પેસી સામી બાજુ નીકળી આપાત જાતિના મ્લેચ્છોને સાધી લીધા. પછી સેનાપતિ પાસે સિંધુના બીજા નિષ્કુટને સધાવ્યું. ત્યાંથી ક્ષુદ્ર હિમાલય પર્વત સમીપે જઈ ક્ષુદ્રહિમવંત કુમારદેવને સાધ્યો. પછી ઋષભકુટ ઉપર 'પોતાનો આચાર છે' એવું ધારી પોતાનું નામ લખ્યું. ત્યાંથી ચક્રરત્નને અનુસરી ચક્રવર્તી પાછા વળ્યા. અનુક્રમે વૈતાઢ્ય પર્વત પાસે આવ્યા, ત્યાં બન્ને શ્રેણિમાં રહેલા વિદ્યાધરોએ વિવિધ ભેટ ધરીને પ્રભુની પૂજા કરી. ગંગાદેવી અને નાટ્યમાલ દેવને પોતે સાધી ગંગાનું

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

